કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

તોફાની પવનને કારણે સંભવિત ચક્રવાતની નુકસાની

કેટેગરી ૧
પવન - ૧૧૯-૧૫૩ કીમી/કલાક
ન્યુનતમ

કેટેગરી ૪
પવન - ૨૧૧-૨૫૦ કીમી/કલાક
આત્યંતિક

કેટેગરી ૨
પવન - ૧૫૪-૧૭૭ કીમી/કલાક
મધ્યમ

કેટેગરી ૫
પવન - ૨૫૦ કીમી/કલાક થી ઉપર
વિનાશક

કેટેગરી ૩
પવન - ૧૭૮-૨૧૦ કીમી/કલાક
વિસ્તૃત

Source :
Windspeed based on the Saffir–Simpson Scale and associated cyclone damage levels (USACE, 2002)



GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

વાવાઝોડું

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

વાવાઝોડાં પહેલા

- તમારા નજીકના વાવાઝોડા આશ્રય સ્થાનને જાણો. વાવાઝોડાની પરીસ્થિતિમાં શાળાઓને સૌથી શ્રેષ્ઠ વાવાઝોડા આશ્રય સ્થાન તરીકે ગણવામાં આવે છે.
- સ્થાનિક વહીવટીય તંત્ર પાસેથી વાવાઝોડા સંભવિત વિસ્તારો વિષે માહિતી મેળવો અને તે મુજબ સ્થળાંતર યોજના તૈયાર કરો.
- બધા જ વીજળીક જોડાણો તથા ગેસના જોડાણો બંધ કરો.



ચક્રવાત આશ્રય સ્થાન

- કોઇપણ કટોકટીની પરિસ્થિતિ માટે તમારા આપત્તિ પ્રતિકારના સાધનો તૈયાર અને સુસજ્જ રાખો. (ટોર્ચ, ખાવાની વસ્તુઓ, પીવાનું પાણી, કપડાં, રેડીયો વગેરે)
- અધિકૃત ચેતવણી તથા સૂચના માટે સ્થાનિક રેડીયો સાંભળો.
- જો આપનો વિસ્તાર વાવાઝોડાની ચેતવણી હેઠળ હોય તો દરિયાકિનારાથી નજીકના નીચાણવાળા બીચ અથવા અન્ય નીચાણવાળા વિસ્તારોમાંથી દૂર જતા રહો.

વાવાઝોડાં દરમિયાન

- વાવાઝોડાની ચેતવણી મળતાં જ બધા બારી- બારણાં બંધ કરો અને વર્ગમાં રહો.
- મજબૂત ટેબલ કે ડેસ્ક નીચે જતા રહો અથવા પાણીની પાઇપ જેવું સોલીડ ફીક્ષ્ચર પકડી રાખો.
- જો તમે સ્કૂલબસ- ઓટોમાં હોય અને વાવાઝોડું આવે તો વાહનને સમુદ્ર, વૃક્ષો, પાવરલાઇનો તથા વોટર કોર્સીઝથી દૂર ઊભું રાખો અને તેની અંદર જ રહો.

વાવાઝોડાં પછી

- જ્યાં સુધી તમને કહેવામાં ન આવે ત્યાં સુધી શાળા છોડશો નહીં.
- ચાલતી વખતે પડી ગયેલી પાવરલાઇનો, નુકશાનગ્રસ્ત પૂલો, મકાનો તથા વૃક્ષોથી સાવધ રહો અને અજાણ્યા ભરાયેલા પાણીમાં જ જશો નહી.

- પીતા પહેલાં ક્લોરીનેટેડ પાણીનો ઉપયોગ કરો અથવા પીતા પહેલાં તેને જંતુમુક્ત કરવા થોડું પોટેશિયમ પરમેંગેનેટ (ફ્ટફ્ટી)નો ઉપયોગ કરો.
- અજાણ્યા પાણીમાં જવાનું સાહસ કરશો નહીં.

કટોકટી દરમ્યાન

નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮



Source: BMPTC - Vulnerability Atlas of India

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org



ભૂકંપ

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

સ્થિતિ, કે જે ભૂકંપની અસર નીવારવા ઉપયોગમાં લઇ શકાય

ડ્રોપ, કવર અને હોલ્ડ પધ્ધતિ "જમીન પર સૂઇ જાઓ",અભ્યાસના ટેબલ અથવા ડેસ્ક હેઠળ "કવર" લો અને જ્યાં સુધી ધ્રુજારી બંધ ન થાય ત્યાં સુધી "હોલ્ડ ઓન" કરો.

એઝ્યુમ ક્રેશ પોઝીશન મેથડ- ઘુંટણીએ નીચે બેસી જાઓ. માથું નીચે રાખો, એક હાથથી માથું ઢાંકો અથવા બેગ કે પુસ્તકોથી ઢાંકી દો અને બીજાહાથથી ફર્નિચર પકડી રાખો.

ફેસ અવે પધ્ધતિ- મોઢું (ચહેરો) તમારા હાથથી ઢાંકી દો અને કાચની બારીઓ વગેરેથી દૂર રહો.

કાઉન્ટ અલાઉડ ટુ ૬૦ પધ્ધતિ- જ્યારે ભય લાગતો હોય ત્યારે, ઉપર જણાવેલ કોઇપણ સ્થિતિમાં શાંત રહેવા ૧ થી ૬૦ સુધી મોટેથી ગણતરી કરો.

જ્યારે શાળામાં હોવ ત્યારે

- ભૂકંપ દરમિયાન, જમીન પર સૂઇ જાઓ, મજબૂત ડેસ્ક અથવા ટેબલ હેઠળ જતા રહો અને તેને મજબૂત રીતે પકડી રાખો. ધ્રુજારી બંધ ન થાય ત્યાં સુધી તેની સાથે જ ખસવાની તૈયારી રાખો.

  કાચ, બારી, બહારના બારણાં તથા દિવાલો, લાઇટીંગના ફીક્ષ્ચર્સ, છાજલીઓ તથા ભારે વસ્તુઓથી દૂર રહો. તે તૂટીને પડી શકે છે.

- લાઇબ્રેરીમાં જ્યાંથી પુસ્તકો તથા છાજલી/ ઘોડાઓ પડે એવા હોય ત્યાંથી દૂર જતા રહો અને કવર લો.
- જો તમે વર્ગમાં હોય તો શિક્ષકો દ્વારા જ્યાં સુધી જવાનું કહેવામાં ન આવે ત્યાં સુધી ક્યાંય બીજે જશો નહીં.
- શાળાના મકાનમાંથી સ્થળાંતર કરતી વખતે લીફ્ટ નો ઉપયોગ કરશો નહીં.
- અંદરના બારણાના લીન્ટેલ હેઠળ, રૂમના ખૂણામાં તથા ટેબલ નીચે રહીને તમે સુરક્ષિત રહો.

જ્યારે શાળાની બહાર હોવ ત્યારે

- જો તમે બહાર હોય તો વૃક્ષ, વીજળીના થાંભલા, મકાનો, વાહનો, સાઇનબોર્ડ તથા અન્ય જોખમી વસ્તુઓથી દૂર રહી ખુલ્લા મેદાનમાં જતા રહો.
- જો તમે સ્કૂલબસ/ ઓટોરીક્ષામાં હોય તો, ડ્રાઇવરે રોડની બાજુમાં લઇ ઉભી રાખી. થોભો અને પાર્કીંગ બ્રેક ચાલુ કરવી જોઇએ.
- ધ્રુજારી બંધ થાય ત્યાં સુધી વાહનમાં જ રહો અને ઓવરપાસ,પુલો,પાવરલાઇન્સ અને અન્ય જોખમોથી દૂર રહો.

૧. લઈ જાઓ

૨. પીન ખેંચો

૩. દબાવીને ફેરવો

કટોકટી દરમ્યાન

નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, વેબસાઈટ : www.gsdma.org

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

આગ સલામતી ટુકડી

ટુકડીના સભ્યો : ૩-૪ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ

આપત્તિ પહેલાં

- એ બાબતની ખાતરી કરો કે શાળા પાસે ઇન્સ્ટોલ કરેલા પુરતી સંખ્યામાં આગશામકો છે કે કેમ અને તે ચાલુ સ્થિતિમાં છે કે કેમ તેની પણ ચોકસાઇ કરો.
- ટુકડીના બધા જ સભ્યોએ આગશામક કેવીરીતે ચલાવવું તેની જાણકારી મેળવી લેવી જોઇએ.

- એ બાબતની ખાતરી કરો કે જિલ્લાતંત્રના પરામર્શમાં રહીને સ્થાનિક આગ વિભાગ દ્વારા નિયમિત રીતે સમયાંતરે આગ સલામતીનું એસેસમેન્ટ કરવામાં આવે.
- ટુકડીના સભ્યોએ નિયમિક રીતે મોકડ્રીલમાં ભાગ લેવો જોઇએ.
- ઉદ્યોગો, કારખાનાઓ વગેરે જેવા નજીકના આપત્તિજનક વિસ્તારો ઉપર ખાસ નજર રાખો અને તેમને સંબંધિત કોઇપણ પ્રવૃત્તિ વિષે સ્થાનિક તંત્રને સાવધ કરો.
- એ બાબતની ખાતરી કરો કે મેઇન સ્વીચો સહિત ઇલેક્ટ્રીક વાયર્સ અને સ્વીચો કવર્ડ છે કેમ ; અને જો ખુલ્લી જણાય તો વીજળી વિભાગના પરામર્શમાં રહીને તેને રીપેર કરાવવા માટે શાળા વ્યવસ્થાપન તંત્રને જાણ કરો.



આપત્તિ દરમિયાન

- શક્ય હોય તો મેઇન સ્વીચ બંધ કરો અને સમગ્ર શાળા માટે વીજળી પુરવઠો કાપી નાખો.
- જો કોઇ વિદ્યાર્થી આગમાં સળગવા માંડે તો તેને સ્ટોપ, ડ્રોપ અને રોલ (ઉભા રહો, નીચે પડો અને આળોટો) નો આદેશ કરો.

- આગ શામકોનો ઉપયોગ કરી, જ્યાં આગ દેખાય ત્યાં તેને બૂઝાવવાનો પ્રયાસ કરો.
- જો આગ ભયંકર સ્વરૂપ ધારણ કરે તો શાળાના મકાનમાંથી બહાર નીકળી જાઓ.
- જેટલું વહેલું બને તેટલું વહેલું સ્થાનિક ફાયબ્રિગેડને જાણ કરો.

આપત્તિ પછી

- એ બાબતની ખાતરી કરો કે બધા જ વિદ્યાર્થીઓ શાળાના મેદાનમાં ઉપસ્થિત છે કે કેમ? જો ગણતરીમાં ખૂટે તો શોધ અને બચાવ ટુકડીને તરત જ તેની જાણ કરો.
- તેમની કામગીરી કરવામાં શોધ અને બચાવ ટુકડી તથા પ્રાથમિક સારવાર ટુકડીને મદદ કરો.
- અદ્યતન માહિતી તૈયાર કરો અને વધુ સારા સંકલન માટે શાળા વ્યવસ્થાપન/ સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રને જાણ કરો.

કટોકટી દરમ્યાન

નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮



GSDMA
ગુજરાત સરકાર
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

GSDMA

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE

પૂર

પૂર પહેલાં

- સ્થાનિક વહીવટી તંત્ર / જીએસડીએમએ તરફથી માહિતી મેળવી પૂરનો ઇતિહાસ અને પૂર સંભવિત વિસ્તારોથી માહિતગાર રહો.
- જ્યાં પૂરનાં પાણી સહેલાઇથી આવી શકે નહીં તેવા ઊંચા વિસ્તારો શોધી કાઢો અને ચેતવણી મળ્યેથી તેવા વિસ્તારમા સ્થળાંતર કરો.
- સ્કુલ પ્રિપેર્ડનેશ કીટ હંમેશા તૈયાર રાખો.

પૂર દરમિયાન

- જ્યારે ઘેર હોય ત્યારે વીજળીનો કરંટ/શોટ સર્કીટ અટકાવવા તથા આગ લાગે તેવા જોખમી ઉપકરણો ના વીજળીક જોડાણો તથા ગેસના જોડાણો બંધ રાખો.
- જો શાળાની બસ/ ઓટોરીક્ષા પૂરના પાણીમાં ફસાઇ જાય અને પૂર ઝડપથી આવતું હોય તો બસની બહાર નીકળી જાઓ અને ૭-૮ વ્યક્તિનું જૂથ બનાવી એકબીજાનો હાથ પકડો અને સલામત સ્થળે જવાનો પ્રયાસ કરો.
- જ્યારે પૂરમાં ફસાયા હોય ત્યારે પ્લાસ્ટીકની બાટલી કે અન્ય જે પાણીમાં તરી શકે છે તેવી વસ્તુઓને શરીર સાથે બાંધી દો.

પૂર પછી

- જ્યાં સુધી શિક્ષકો દ્વારા બહાર જવાનુ કહેવામાં ન આવે ત્યાં સુધી શાળામાં જ રહો.
- સ્થળાંતર માટે જ્યારે તમને કોઇ સૂચના મળે ત્યારે સ્થળાંતર ટુકડીને અનુસરો.
- પૂરના પાણીના સંપર્કમાં આવ્યો હોય તેવો ખોરાક ઉપયોગમાં લેશો નહીં.
- પૂરના પાણીમાં જશો નહીં. જોખમી રસાયણો/ સાપ/ ઝેરી જીવજંતુઓ તેમાં હોઇ શકે છે. જે તમને કોઇપણ પ્રકારે ઈજાગ્રસ્ત કરી શકે છે.
- પાણી પીતાં પહેલાં હંમેશાં તેને ઉકાળો.
- પીવા માટે ક્લોરીનવાળા પાણીનો ઉપયોગ કરો અથવા તેને જંતુરહીત બનાવવા તેમાં થોડુંક પોટેશિયમ પરમેંગેનેટ નાખો.

- જ્યારે ઘા વાગે ત્યારે હંમેશા ઘા ને સાબુ અને પાણીથી સાફ કરીને તેને ચોખ્ખો રાખો.

- ખુલ્લો ખોરાક ખાશો નહીં. રોડ પર વેચાતો કોઇપણ ખોરાક ખાશો નહીં.
- તાજો ખોરાક ખાવ. જે ૨-૩ દિવસ પહેલાં તૈયાર કર્યો હોય તેવો ખોરાક લેશો નહીં.
- અજાણ્યો ગંભીર દુખાવો થાય તે સમયે વડીલોને તાત્કાલિક જાણ કરો.



ખોરાક પિરામિડ

સ્તર - ૪
૦-૩ વાર
ચરબી-તેલયુક્ત ખોરાક, મીઠાઈઓ

સ્તર - ૩
૨-૩ વાર
દૂધ, દહીં અને ચીઝ, માંસ, મુરઘી, માછલી, ઈંડા અને બદામ

સ્તર - ૨
૩-૫ વાર
શાકભાજી અને ફળો

સ્તર - ૧
૬-૧૧ વાર
બ્રેડ, અનાજ અને ચોખા

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

બાળકો માટે સારા આરોગ્યની ટેવો

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

તમારા હાથ ધૂઓ

બહારથી આવ્યા પછી

જમતાં પહેલાં

સંડાસ ગયા પછી

છીંક ખાધા પછી
ઉધરસ ખાધા પછી
અથવા નાક ખંખેર્યા પછી.

પાળેલાં પ્રાણીઓ
સાથે રમ્યા પછી

ખોરાકને અડકતાં પહેલાં
અથવા
રસોડામાં મદદ કરતાં પહેલાં

બ્રશ કરવાની ટેવો

- દિવસમાં ઓછામાં ઓછા બે વખત દાંત બ્રશ કરો.
- દરરોજ શારીરિક રીતે શુધ્ધ રહો.
- સ્નેક્સ ખાવાની સંખ્યા મર્યાદિત કરીને પ્લેકનો પ્રતિકાર કરો.

તમારા દાંત ઉપર, નીચે, અંદર તેમજ બહારથી બ્રશ કરો અને જીભ પરથી ઉલ ઉતારો.

ઉધરસ અને છીંક ખાતી વખતે તમારા નાક પર રૂમાલ રાખો.

ઉધરસ અને છીંક, ઇન્ફ્લુએન્ઝા, શરદી ફ્લુ વગેરે જેવા રોગો ફેલાવે છે.

જાહેર સ્થળોએ થૂંકશો નહી.

કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

જાગૃત્તિ કેળવણી અને સંદેશાવ્યવહાર ટુકડી

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

આપત્તિ પહેલાં

- શાળાનો નકશો, સ્થળાંતર પ્લાન, બિલ્ડીંગ પ્લાન, વિદ્યાર્થીઓ, શિક્ષકો, અન્ય કર્મચારીઓની વિગતો, વર્ગખંડોની સંખ્યા લેબ્સ તથા નજીકનું ફાયરસ્ટેશન, હોસ્પિટલ, પોલિસ સ્ટેશન ની સંપર્ક માહિતી વગેરે મેળવો.
- જીએસડીએમએ/ જિલ્લા તંત્રના પરામર્શમાં પોસ્ટર્સ, પુસ્તિકા, ચોપાનિયા, પેઇન્ટીંગ, પેમ્ફ્લેટસ, ચાર્ટસ વગેરે જેવું આઇ.ઇ.સી. સાહિત્ય એકત્ર કરો અને તૈયાર કરો.

- વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે શાળા સંચાલકોના સંકલન દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત પેઇન્ટીંગ, ચર્ચા-સભા, નિબંધ, અંતકડી, સુત્રો વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરો.

- સ્થાનિક પ્રતિનિધિઓ, ફાયર સ્ટેશન, પોલિસ ડીપાર્ટમેન્ટ, રોટરીક્લબ વગેરેના સંકલન દ્વારા શાળાના કર્મચારીઓ માટે જાગૃતિ કેળવણી કાર્યક્રમો યોજો.
- પ્રાથમિક સારવારની ટેકનિક્સ પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે આરોગ્ય શિબિરો યોજો.
- નિયમિત રીતે ડ્રીલ્સ કરાવવા અન્ય ટુકડીઓને મદદ કરો.
- ભૂકંપ, પૂર અથવા અન્ય કોઇ હોનારત અંગે દૈનિક હવામાન, અહેવાલો વિષે શાળાને છેલ્લામાં છેલ્લી આધુનિક માહિતીથી સુસજ્જ રાખો.
- કટોકટી દરમિયાન વધુ સારા અસરકારક સંદેશાવ્યવહાર તથા સંકલન માટે ટુકડીના સભ્યોના સંપર્કની વિગતો વિષે બધા જ વિદ્યાર્થીઓના વાલીઓના સંપર્કની વિગતોની યાદી તૈયાર કરો તથા શાળા કક્ષાની ટુકડીઓની સંપર્કયાદી આપવી.

આપત્તિ દરમિયાન

- યોગ્ય ચેતવણી પદ્ધતિઓથી શાળા અને તંત્રને સાવધ કરો. કટોકટીમાં તેમની ફરજો બજાવવામાં અન્ય ટૂકડીઓને સહાય કરો.

આપત્તિ પછી

- પરિસ્થિતિનું અવલોકન કરો તથા આપત્તિ બાદની પ્રવૃત્તિઓ જેવી કે પ્રાથમિક સારવાર, શોધ અને બચાવના પ્રતિભાવકોને માહિતી આપો.

કટોકટી દરમ્યાન

નંબર જોડો

પોલિસ - ૧૦૦

આગ - ૧૦૧

એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

ન્યુક્લિઅર સલામતીની ટીપ્સ

ચેતવણી મળ્યેથી :

- સ્થાનિક તંત્ર પાસેથી આપના વિસ્તારના કે જે ન્યુક્લીઅર હોનારત માટે જોખમી સ્થળો વિશે જાણો.
- બહારના રેડીઓએક્ટીવ રજકણો ન આવી શકે તે માટે તમે નજીકનું મજબૂત મકાન શોધી લો.
- જો તમે સ્કૂલ બસ/ ઓટોમાં હોય તો, તાત્કાલિક આશ્રય માટે નજીકના મકાનમાં જતા રહો. રેડીઓએક્ટીવ રજકણો સામે વાહનો પૂરતું રક્ષણ પૂરૂં પાડી શકતા નથી.
- અંદર જ રહો. અધિકારીઓ અથવા કટોકટીના રીસ્પોન્ડર્સ દ્વારા તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી બહાર આવશો નહીં.
- અગત્યના સમાચારો માટે ટીવી અને રેડીયો ચાલુ રાખો.
- ન્યુક્લીઅર હોનારત પછી રેડીએશનની માત્રા ખૂબજ ભયજનક હોય છે પરંતુ થોડા કલાકોથી થાડો દિવસોમાં તે માત્રા ઘટે છે. જ્યારે રેડીએશનની માત્રા સૌથી વધુ હોય તે સમય દરમિયાન અંદર રહેવું તથા બહારના રજકણોથી સુરક્ષિત રહેવું સૌથી વધુ સલામત છે.
- જિલ્લા તંત્ર/ શાળા સંચાલકો પાસેથી સ્થળાંતરની પ્રક્રિયા વિષે જાણો અને સ્થળાંતરની જરૂર ઊભી થાય ત્યારે તેનાથી વાકેફ રહો.

જો રેડીએશનની અસર જણાય તો

- તમારા કપડાં કાઢી નાખો અને રેડીયોએક્ટીવ રજકણો ન ફેલાય તે માટે તેને પ્લાસ્ટીકની બેગમાં મૂકી દો.
- તેનો ફેલાવો ઘટાડવા તે બેગને શક્ય તેટલી માનવી તથા પ્રાણીઓથી શક્ય તેટલી તે બેગને દૂર મૂકો.
- રેડીએશનનું પ્રદુષણ ઘટાડવા માથું ધોવા સહિત પુષ્કળ સાબુ અને પાણીથી સ્નાન કરો. ચામડીને ઘસીને સાફ કરશો નહીં.
- હળવેથી તમારૂં નાક ખંખેરો અને ચોખ્ખા અને ભીના કપડાથી તમારી આંખની પાંપણો તથા પોપચાં તથા કાન લૂછો.
- જો નહાવું શક્ય ન હોય તો તમારા શરીરનાં અવયવો જે કપડાથી ઢંકાયેલે ન હતા તેને લૂછવા ચોખ્ખા અને ભીનાં કપડાંથી સાફ કરો. સ્વચ્છ કપડા પહેરો.

CALL 108 EMERGENCY • MEDICAL • POLICE • FIRE

કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

પ્રાથમિક સારવાર ટુકડી

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

ટુકડીના સભ્યો ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.

આપત્તિ પહેલા

- પ્રાથમિક સારવારના સાધનો શાળામાં રાખવા જોઇએ. (જ્યાં સરળતાથી પહોંચી શકાય તથા બધાને ખબર હોય તેવા સ્થળે) તેમજ પ્રાથમમિક સારવારની કીટ પુરતા પ્રમાણમાં રાખવી.
- આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ એન.જી.ઓ/ સ્થાનિક આરોગ્ય વિભાગ/ ફાયરબ્રિગેડ દ્વારા મૂળભુત પ્રાથમિક સારવારની ટેકનિક્સમાં ટુકડીના બધા જ સભ્યો તાલીમબધ્ધ હોવા જોઇએ.

- આ ટુકડીના બધા જ સભ્યોને રીફ્રેશર તાલીમ નિયમિત રીતે આપવી જોઇએ.
- અસરકારકતા અને ક્ષમતા વર્ધન માટે નિયમિત ડ્રીલ્સ યોજો.

પ્રાથમિક સારવારના સાધનો

આપત્તિ દરમિયાન

- શાળામાં યોગ્ય કક્ષાએ કટોકટી પ્રાથમિક સારવારની જગ્યા ઉભી કરો.
- ઘાયલ થયેલ વ્યક્તિઓના પ્રમાણ પર આધારિત પ્રાથમિક સારવાર સુવિધાઓ પૂરી પાડો.

આપત્તિ પછી

- ઘાયલ થયેલ વ્યક્તિઓના પ્રમાણ પર આધારિત નજીકના આરોગ્ય કેન્દ્ર/ હોસ્પિટલમાંથી સહાય મેળવો અથવા ૧૦૮ પર ફોન કરો.
- ઘવાયેલ વ્યક્તિઓની સારવાર માટે કેન્દ્ર સ્થાપવા યોગ્ય સ્થળ નક્કી કરો.
- બધા જ કેસો તથા અપાયેલ સારવારની નોંધ રાખો.
- ગંભીર રીતે ઘવાયેલા લોકો માટે વાહનવ્યવહાર ટુકડીની મદદ વડે ૧૦૮ના સંકલનમાં તેમને નજીકની આરોગ્ય હોસ્પિટલમાં દાખલ કરો.

▶ અકસ્માતનો ભોગ બનેલાઓને ગણતરીના કલાકમાં જ હોસ્પિટલ પહોંચાડવા મદદ કરો.

(માન. સર્વોચ્ચ અદાલતના આદેશ મુજબ પોલીસ તમને કશું જ પૂછશે નહીં.)



કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

માર્ગ સલામતીની ટીપ્સ

GSDMA

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE

૧. સડક અથવા ફૂટપાથ ઉપર જ ચાલો -

જો સડક બનાવેલ ન હોય તો માર્ગની જમણી બાજુએ ચાલો કે જેથી તમારી તરફ આવતો ટ્રાફિક તમે જોઇ શકો.

૨. સલામત રીતે માર્ગ કેવીરીતે ઓળંગવો -

- પહેલાં વિચારો, ઊભા રહો, જુઓ અને સાંભળો, સલામત ન થાય ત્યાં સુધી રાહ જુઓ જ્યારે સલામત હોય ત્યારે શાંતિથી ચાલો અને માર્ગ ઓળંગતી વખતે ધ્યાનથી જુઓ અને સાંભળો.

3. જીબ્રા ક્રોસીંગ ઓળંગતી વખતે -

- છેડા પાસે સડક પર રાહ જુઓ તથા માર્ગ ઓળંગતા પહેલાં બધો જ ટ્રાફિક બંધ થાય ત્યાં સુધી રાહ જુઓ.
- બંને બાજુએથી સંપૂર્ણ ટ્રાફિક બંધ થાય પછી જ જીબ્રા ક્રોસીંગ પર ચાલો.

જીબ્રા ક્રોસીંગ પર ચાલતા પદયાત્રીઓને અગ્રતા આપો.

માર્ગ સલામતી માટેના ૭ સોનેરી નિયમો

ડ્રાઇવીંગ કરતી વખતે હંમેશા હેલ્મેટ/ પટ્ટો પહેરો.

નશો કરીને ડ્રાઇવીંગ ભંગ કરશો નહીં.

રોડ સાઇન્સ/ ટ્રાફિકના નિયમો જાણો અને તેનું પાલન કરો.

ગતિમર્યાદાનો ભંગ કરશો નહીં.

બેદરકારી ભર્યું ડ્રાઇવીંગ ન કરો અને શિષ્ટાચારી વિનયી ડ્રાઇવર બનો.

ડ્રાઇવીંગ કરતી વખતે અથવા માર્ગ ઓળંગતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ કરશો નહીં.

કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

શોધ અને બચાવ ટુકડી

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

ટુકડીના સભ્યો- ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ

આપત્તિ પહેલાં

- શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.
- વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.
- સીસોટી, બચાવ હેલ્મેટ્સ, ટોર્ચ, ફાનસ, દોરડા તથા સીડી (બે માળના મકાનના કિસ્સામાં) જેવાં અગત્યના સાધનો તથા અશક્ત લોકોને બચાવવા જરૂરી સાધનો તૈયાર રાખવા જોઇએ.
- ટુકડીના સભ્યો, સ્થાનિક આગ વિભાગ દ્વારા મૂળભુત પાયાની શોધ અને બચાવની ટેકનિક્સમાં તાલીમબધ્ધ હોવા જોઇએ.
- અસરકારકતાની ચોકસાઇ કરવા તથા વધુ સારા સંકલન મેળવવા મોકડ્રીલ્સ નિયમિત રીતે યોજાવવી જોઇએ.

હોનારત દરમિયાન

- પરિસ્થિતિ પ્રમાણે શોધ અને બચાવની કામગીરી કરો.
- અશક્ત લોકો પ્રત્યે અન્ય લોકો કરતાં વધુ સારૂં ધ્યાન આપી અશક્ત લોકોને તથા અસરગ્રસ્ત લોકોને વધુ સલામત સ્થળે લઇ જવા જોઇએ.



આપત્તિ પછી

- બધા રૂમો ચેક કરવા જોઇએ કે જેથી કોઇપણ બાળકો રૂમમાં રહી ન જાય.
- ગંભીર રીતે ઘવાયેલ લોકોને તબીબી સહાય માટે પ્રાથમિક સારવાર ટુકડીને સોંપવા જોઇએ.
- રાહત બચાવ કામગીરી દરમિયાન જો કોઈ બોધપાઠ શીખવા મળ્યો હોય તો તે મુજબ બચાવના નિયમોને અદ્યતન કરો.

કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

સ્થળ
સુરક્ષા ટુકડી

ટુકડીના સભ્યો ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

આપત્તિ પહેલાં

- શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.
- વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.
- કટોકટીના સમયે શાળામાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડીને સામેલ રાખી માર્ગર્શિકા તૈયાર કરો તેમજ માર્ગદર્શિકાથી માતા પિતા તેમજ વાલિઓ ને અવગત કરો.
- કટોકટીના સમયે સુચારુ સંચાલન માટે વિદ્યાર્થીઓ તેમજ માતા પિતાઓના સંપર્ક માટે તેમના સંપર્કની માહિતીની યાદી તૈયાર કરો તેમજ આ યાદી સ્થળ સુરક્ષા ટુકડીના સભ્યોને પૂરી પાડો.

આપત્તિ દરમિયાન

- શાળા પરિસરમાં અંદર તથા બહાર જવાનો માર્ગ નિયંત્રિત કરો તથા તેને માત્ર કટોકટીની સેવાઓ માટે જ ઉપલબ્ધ બનાવો.
- ટોળાનું સંચાલન કરવા સ્થાનિક પોલિસ અથવા ફાયર બ્રિગેડની મદદ લો.

આપત્તિ પછી

- અંદર તથા બહાર જવાનો માર્ગને નિયંત્રિત કરો શાળા પરિસરને સલામત સુરક્ષિત બનાવો.
- માતા-પિતા તથા વાલીઓ સાથેના વ્યવહાર માટે દરવાજા પર ટુકડીનાં ૨ સદસ્યોને રાખો તથા ફાયર બ્રિગેડ પોલિસ કર્મચારીઓ તથા અન્ય સંબંધિત એજન્સીઓ સાથે જોખમવાળા વિસ્તારોમાં પહોંચવા માટે તેમની સાથે સંકલન કરો.

આપત્તિ પછી

- બધી જ સ્થળાંતર કરાયેલ વ્યક્તિોની ગણતરી કરો અને શાળાના રેકોર્ડમાં જણાવેલ ખરેખર સંખ્યા સાથે તેને મેળવી જુઓ.
- જો સંખ્યામાં કોઇ વિસંગતતા જણાય તો તેની શોધ અને બચાવ ટુકડીને જાણ કરો.
  સ્થળાંતર પ્રક્રિયાનું અવલોકન કરો અને પ્રેક્ટીસ ડ્રીલ્સમાં છુટી ગયેલા ખાસ મુદ્દાઓની નોંધ લો.

કટોકટી દરમ્યાન
નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઇટ** : www.gsdma.org

સ્થળાંતર ટુકડી

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

ટુકડીના સત્યો ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ

આપત્તિ પહેલાં

- ▶ શાળા પ્રવેશ, બહાર જવાના દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- ▶ દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.

- ▶ વર્ગખંડો, લેબ્સ, શાળાના દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઇએ કે જેથી તે સહેલાઇથી મળી શકે અને સમગ્ર ટુકડીના સભ્યોને તેની જાણકારી હોવી જોઇએ.

- ▶ હોનારતોનો ક્યાસ કાઢીને દિવાલ પર સાઇન પોસ્ટર્સ મૂકવા જોઇએ કે જેથી દરેક રૂમમાંથી વ્યક્તિઓ સરળ અને વહેલાં સ્થળાંતર માટે માર્ગદર્શન મેળવી શકે.
- ▶ અશક્ત(અસમર્થ) વ્યક્તિઓની જરૂરિયાતોને અગત્યતા આપીને સ્થળાંતર માટે જરૂરી વસ્તુઓ પહોંચાડવા માટે વ્યવસ્થા કરો.
- ▶ જુદી જુદી હોનારતો માટે અન્ય ટુકડીઓના પરામર્શમાં નિયમિત રીતે સ્થળાંતર ડ્રીલ્સ કરાવવી જોઇએ.

બહાર જવાનો માર્ગ

આપત્તિ દરમિયાન

- ▶ પ્રેક્ટીસ ડ્રીલ્સમાં નક્કી કરાયેલ પધ્ધતિ મુજબ લોકોનું સ્થળાંતર કરો.
- ▶ છેલ્લામાં છેલ્લો વિદ્યાર્થી સુરક્ષિત જગ્યાએ પહોંચે ત્યાં સુધી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો



કટોકટી દરમ્યાન

નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

ત્સુનામી સ્થળાંતર યોજના



GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧

ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

જનહિતાર્થે પ્રકાશિત

GSDMA

SAFE SCHOOL

GUJARAT SCHOOL SAFETY INITIATIVE

ત્સુનામી



ત્સુનામી વિષે જાણો

૧. ત્સુનામી એ લાંબી વેર્વ લેન્થ (તરંગ લંબાઈ) અને સમય સાથેના મોજાંની શ્રેણી છે. મોજાના તરંગોની ઉંચાઇ વચ્ચેનો સમય થોડી મિનિટોથી લઈ એક કલાકથી પણ વધુ સમય સુધીનો હોઇ શકે છે.

૨. ત્સુનામી દિવસે કે રાત્રે ગમે ત્યારે સર્જાઇ શકે છે.

૩. ભૂકંપથી દરિયાના પેટાળથી માંડીને છેક સપાટી સુધીના ઉંચાઇવાળા પાણીના ભયંકર ઊંચા મોજા સર્જાય છે. દરિયામાં એમ > ૬.૫ની તીવ્રતાવાળા ભૂકંપ ત્સુનામી ઊભા કરવા માટે અત્યંત ભયજનક હોય છે.

૪. ત્સુનામી, સેન્ટીમીટરથી લઈ ૩૦ મીટરથી પણ વધુ ઊંચાઇવાળા કદમાં સર્જાઇ શકે છે. મોટાભાગના ત્સુનામીના મોજાં ૩ મીટર કરતા ઓછી ઉંચાઇના હોય છે.

૫. મોટો ત્સુનામી થી પાણી સમુદ્રથી ૧.૫ કિ.મી.થી પણ વધુ જમીનના વિસ્તારમાં પ્રવેશી શકે છે.

સલામતીના ઉપાયો

૧. ત્સુનામી સંભવિત વિસ્તારોને જાણો

૨. સ્થાનિક તંત્ર દ્વારા ત્સુનામી આશ્રયસ્થાન તરીકે નિયત થયેલા હોય તેવા સલામત સ્થળોને જાણો

૩. સમુદ્રથી નજીક ભૂકંપનો અનુભવ થાય તો ત્સુનામી થવાની શક્યતા છે. જેથી ઊંચા અને સલામત સ્થળે જતા રહો. અથવા જો તમે ત્સુનામી ચેતવણીની સાયરન સાંભળો તો. ઊંચા સલામત સ્થળે જતા રહો.

૪. જો તમે સ્કૂલ બસ/ ઓટોમાં હોય તો સ્થાનિક તંત્ર દ્વારા નિયત કરાયેલ સલામત સ્થળે તમારૂં વાહન લઇ જાઓ.

૫. રેડીયો/ ટેલીવીઝનની આગોતરી ચેતવણી સાંભળતા રહો અને માહિતીથી વાકેફ રહો.





૬. વીજળી કરંટ તથા સંબંધિત આગ હોનારતો નિવારવા ઇલેક્ટ્રીક અને ગેસ જોડાણો બંધ કરો.

૭. શાળાના પ્રતિકાર સાધનો (સ્કુલ પ્રિપેર્ડનેશ કીટ) હંમેશા તૈયાર રાખો.

૮. જ્યાં સુધી તમને સૂચના ન આપવામાં આવે ત્યાં સુધી બહાર જશો નહીં.

૯. ત્સુનામી આવે છે તે જોવા બીચ તરફ નીચે જશો નહીં. જો તમે વેવ (લહેરો) નિહાળી શકતા હોય તો તમે તેનાથી બચી શકવાની પરીસ્થીતીમાં નહી હોવ.

કટોકટી દરમ્યાન

નંબર જોડો

- પોલિસ - ૧૦૦
- આગ - ૧૦૧
- એમ્બ્યુલન્સ - ૧૦૨/૧૦૮

GSDMA
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૧
ફોન. ૦૭૯ ૨૩૨૫૯૩૦૬, **વેબસાઈટ** : www.gsdma.org

વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડી

GSDMA
SAFE SCHOOL
GUJARAT SCHOOL SAFETY INITIATIVE

ટુકડીના સભ્યો

સ્કૂલ બસમાં જતા શિક્ષકો તથા દરેક ધોરણમાંથી ૨ વિદ્યાર્થીઓ.

આપત્તિ પહેલાં

- બધી જ નજીકની હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, પોલિસ સ્ટેશન્સ ફાયર બ્રિગેડ, બસડેપો તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ વગેરેની સંપર્ક યાદી તૈયાર કરો તથા તેમની સાથે સંપર્ક કેળવો.
- શાળામાં ઉપલબ્ધ બધા જ વાહનો માટે માર્ગદર્શક નકશો તૈયાર કરો તથા તેમને પહોંચવાના સ્થળનું નકશામાં નિર્દેશન કરો. પ્રતિબંધિત વિસ્તાર અંગેના કિસ્સામાં વૈકલ્પિક માર્ગ પણ નકશામાં દર્શાવો.
- વાહનોના બધાજ કર્મચારીઓને માર્ગદર્શક નકશાથી વાકેફ કરો કે જેથી તેમને નજીકના માર્ગની પણ જાણકારી મળી શકે.
- બધા જ સભ્યોએ સ્થાનિક આરોગ્ય વિભાગમાંથી પ્રાથમિક સારવારની મુળભુત તાલીમ મેળવવી જોઇએ.
- અસરકારક વ્યવસ્થાપન માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ટીમ વાકેફ હોવી જ જોઇએ.
- અશક્ત વિદ્યાર્થીઓના માટે અલગ વ્યૂહ તૈયાર કરો.

આપત્તિ દરમિયાન

- વાહનોના કર્મચારીઓને વાહન શાળાની બહાર લઈ જતી વખતે શાળાથી લઈ જે તે નિર્ધારીત સ્થળ પર પહોંચવા માટે યોગ્ય માર્ગદર્શન આપો.
- બધા જ વિદ્યાર્થીઓને નિયત વાહનમાં સલામત રાખો. અશક્ત વિદ્યાર્થીઓની ખાસ સંભાળ લો.



આપત્તિ પછી

- હેરફેર માટે વધુ વાહનોની જરૂરીયાત માટે અન્ય ટીમો સાથે સંકલન કરો.
- શાંત રહેવા લોકોને સૂચના આપો તથા વાહનોના કર્મચારીઓ સાથે સંકલનમાં રહીને તેમના સંબંધિત વાહનોમાં પહોંચવા તેમને માર્ગદર્શન આપો.
- પ્રાથમિક સારવાર ટીમના સભ્યોના સંકલનમાં રહીને ઘવાયેલ વ્યક્તિઓને પ્રાથમિક સારવારની સહાય કરો.